પત્રિકા ૧૫૫

# ચિરાગે હિદાયત

૨૦/૦૪/૧૮
૩ શાબાન

## આ અઠવાડિયાની મુનાસેબત

૦૩ શાબાન – વિલાદતે હઝરત ઈમામ હુસૈન(અ.સ.)
૦૪ શાબાન – વિલાદતે હઝરત અબ્બાસ(અ.સ.) (બીજી રિવાયત)
૦૫ શાબાન – વિલાદતે હઝરત અલી અકબર(અ.સ.)
૦૭ શાબાન – વિલાદતે હઝરત કાસિમ(સ.અ.)

## હઝરત ઈમામ હુસૈન(અ.સ.)

અઝીઝો! આજનો મુબારક દિવસ તે ઈમામ(અ.સ.)ની વિલાદતથી મનસુબ છે કે જે જન્નતના જવાનોના સરદાર છે. હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના પ્યારા નવાસા તેમજ મૌલા અલીએ મુર્તુઝા અને જનાબે ફાતેમા(સ.અ.)ના લખ્તે જીગર ઈમામ હુસૈન(અ.સ.) તે અઝીમ શખ્સીય્યત છે કે જેમની વિલાદતના દિવસે ખુશીની સાથે ગમ પણ મનાવવામાં આવ્યો.

### * લવ્હે ફાતેમા :

હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની વિલાદતના દિવસે પયગંબર(સ.અ.વ.)એ જનાબે ઝહરા(સ.અ.)ને લીલા કલરની તખ્તી ભેટમાં આપી હતી જેને 'લવ્હે ફાતેમા' કહેવામાં આવે છે. જેમાં એક હદીસનું બયાન છે જે હદીસને 'હદીસે લવ્હ' કહેવાય છે જે અલ્લાહ તરફથી જનાબે ફાતેમા(સ.અ.)ને આપવામાં આવેલ છે. આ હદીસમાં બાર ઈમામો(અ.મુ.સ.)ના નામ અને તેમની પરિસ્થિતિનું વર્ણન છે.

### * હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની હઝરત ઈમામ હુસૈન(અ.સ.) પ્રત્યે ચાહત :

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ઈમામ હુસૈન(અ.સ.)ને ખુબ ચાહતા હતા. આપ(સ.અ.વ.)એ તેમની મોહબ્બતમાં પોતાના દીકરા જનાબે ઈબ્રાહીમને તેમની ઉપર કુરબાન કરી દીધા. રિવાયતોમાં છે કે એક વખત હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ઈમામ હુસૈન(અ.સ.)ને પોતાના એક પગ પર અને બીજા પગ ઉપર પોતાના દીકરા જનાબે ઈબ્રાહીમને બેસાડ્યા હતા. આપ(સ.અ.વ.) તેમને બંનેને બોસો આપતા હતા. એટલામાં અલ્લાહ તઆલા તરફથી જીબ્રઈલે અમીન નાઝિલ થયા અને કહ્યું કે અલ્લાહે ફરમાવ્યું છે કે 'હું તમારી માટે બે ફરઝંદોની ખુશી ભેગી નહીં કરૂં, તમે જેને ચાહે તેને રાખી લો અને તેમાંથી એકને અલ્લાહના હવાલે કરી દ્યો.' ત્યારે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું 'અય જીબ્રઈલ! અગર હુસૈન(અ.સ.)ને તમને સોંપી દઉં તો મારી દીકરી ફાતેમા(સ.અ.) તેમજ અલી(અ.સ.) અને હું પોતે પણ તેમની જુદાઈમાં

ગમગીન થશું. પણ જો મારા ફરઝંદ ઈબ્રાહીમે તમને સોંપી દઈશ તો ફક્ત હું જ તેમના માટે ગમગીન રહીશ. એટલે અય જીબ્રઈલ! હું મારા ફરઝંદ ઈબ્રાહીમને તમને સુપુર્દ કરી દઉં છું અને અલ્લાહ તઆલાને કહો કે મને હુસૈન(અ.સ.) વધારે મહેબુબ છે. તમે ચાહો તો ઈબ્રાહીમની રૂહ કબ્ઝ કરી લ્યો પણ મારા હુસૈન(અ.સ.)ને ઝિંદા રાખો.''

આ વાકેઓ બતાવે છે કે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) તેમના એહલેબૈત(અ.મુ.સ.)ને કેટલું ચાહતા હતા કે ઈમામ હુસૈન(અ.સ.)ની ઉપર પોતાના ફરઝંદને કુરબાન કર્યા.

* ***આપ(અ.સ.)ના ચાહનારાઓથી મોહબ્બત કરનારા પણ જન્નતી છે :***

ઈમામ હુસૈન(અ.સ.) ઘણી બધી ફઝીલતો છે. જેમાંની એક ફઝીલત એ પણ છે કે ઈમામ(અ.સ.)ના ચાહનારાઓથી મોહબ્બત કરનારને પણ જન્નત હાંસિલ થાય છે. ઈમામ હુસૈન(અ.સ.)નું બયાન છે કે હું એક વખત નાનાજાનની ખિદમતમાં હાજર થયો. ત્યાં અબી બીન કઆબ નામનો એક શખ્સ તેમની પાસે બેઠો હતો. મને જોઈને મારા નાનાજાને ફરમાવ્યું કે ''આસમાનો અને ઝમીનની ઝીન્નત ખુશઆમદીદ હો.''

ત્યારે અબી બીન કઆબે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને પૂછ્યું કે ''શું તમારી સિવાય બીજું પણ કોઈ આસમાન અને ઝમીનની ઝીન્નત છે?'' હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું ''અબી બીન કઆબ! એ ઝાતની કસમ જેના કબ્ઝએ કુદરતમાં અમારી જાન છે અને જેણે હકની સાથે મને નબી બનાવ્યો. આ હુસૈન(અ.સ.) ઝમીનની નિસ્બત આસમાનોમાં વધારે માઅરૂફ છે અને અર્શ ઉપર આ જુમલાઓ લખ્યા છે ઈન્નલ હુસૈનો મીસ્બાહુલ હોદા વ સફીનતુન નજાત - બેશક! હુસૈન(અ.સ.) હિદાયતના ચિરાગ અને નજાતની કશ્તી છે.''

આ પછી હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ઈમામ હુસૈન(અ.સ.)નો હાથ પકડીને ફરમાવ્યું:

''અય લોકો! આ હુસૈન ઈબ્ને અલી(અ.સ.) છે, તેને ખુબ સારી રીતે ઓળખી લો અને જે રીતે અલ્લાહે તમને ફઝીલત આપી છે તમે પણ તેની ફઝીલતોનો એકરાર કરો, તેના નાના હઝરત યુસુફ બીન યાકુબ(અ.સ.)ના નાના કરતા ખુદાની પાસે વધારે મોહતરમ છે.

આ હુસૈન(અ.સ.) જન્નતી છે, તેમના માતા-પિતા, ભાઈ, ચચા જન્નતી છે, તેમનાથી મોહબ્બત કરવાવાળા જન્નતી છે અને તેમને ચાહવાવાળાથી મોહબ્બત કરવાવાળા પણ જન્નતી છે.''

અઝીઝો! આ છે ઈમામ હુસૈન(અ.સ.) જેઓ હિદાયતના નુરના મીનારા છે. આવો આપણે પણ તેમની હદીસો પર ગૌરો ફીકર કરીને આપણી ઝિંદગીને તેમની હિદાયતથી રોશન કરીએ.

*   *આપ(અ.સ.)ની હદીસો :*

૧) **જે તમને ચાહે છે તે તમને ટોકે છે અને જે તમારાથી અણગમો રાખે છે તે તમારી (ખોટી) પ્રસંશા કરે છે.**

*આ હદીસ વડે ઈમામ(અ.સ.) આપણને સાચા દોસ્તની ઓળખ બતાવે છે કારણ કે જે આપણને આપણી ભુલો તરફ ધ્યાન દોરે છે તે જ સાચો દોસ્ત અને ચાહવાવાળો છે. જેઓ ખોટા વખાણ કરે છે તેઓ ખરી રીતે આપણને સુધારણાથી દૂર રાખે છે અને નજાતના રસ્તાઓથી દૂર કરે છે.*

૨) **જે માણસ કોઈ મોઅમીનની એક મુશ્કેલી દૂર કરે છે અલ્લાહ તેની દુનિયા અને આખેરતની દરેક મુશ્કેલીઓને દૂર કરી દેશે.**

*આ હદીસ આપણને ભાઈચારાની પ્રેરણા આપે છે અને મુશ્કેલીઓનો ઉકેલ પણ બતાવે છે. જેવી રીતે દુનિયામાં મુશ્કેલીઓ છે એવી જ રીતે આખેરતની મુશ્કેલીઓ પણ ખૂબજ સખ્ત છે જેનો આપણને અંદાજો પણ નથી, પરંતુ એ ઈમામ(અ.સ.) ઉપર આપણી જાનો કુરબાન કે આવી સખ્ત મુશ્કેલીઓથી મુક્તિ મેળવવાનો કેટલો આસાન રસ્તો આપણને બતાવ્યો કે કોઈ પણ મોઅમીનની જરૂરીયાતને પૂરી કરો તો દુનિયા અને આખેરતની તમામ મુશ્કેલીઓ દૂર થશે.*

૩) **સત્ય (હક)ના અનુસરણ વગર બુધ્ધિ સંપૂર્ણ થતી નથી. જયારે કોઈ હક એટલે કે સત્યનું અનુસરણ કરે છે તો યોગ્ય અને અયોગ્ય, સાચું અને ખોટું, હલાલ અને હરામ પ્રકાશ અને અંધકારને પણ ઓળખે છે.**

*પરંતુ આજે મોટા ભાગના લોકો હકની વિરૂધ્ધ નિર્ણય કરતા નજરે પડે છે તેનું કારણ એ છે કે પક્ષપાત, લોભ, લાલચ, ઈર્ષા અને ગાંડપણ કે જેના લીધે માણસ હકની વિરૂધ્ધનો માર્ગ અપનાવે છે, આ માણસની ઓછી બુધ્ધિની સાબિતી છે, તેથી ઈમામ(અ.સ.) કહે છે કે "જયાં સુધી માનવી હકનું સંપુર્ણ રીતે અનુસરણ ન કરે ત્યાં સુધી તેની બુધ્ધિ અધૂરી છે અને આવા માનવીથી યોગ્ય નિર્ણયની પણ અપેક્ષા ન રાખી શકાય."*

**૪) હીણપત ભર્યા જીવન કરતા સન્માન ભર્યું મૃત્યુ બહેતર છે.**

*ઈમામ હુસૈન(અ.સ.)ના આ જુમ્લાઓ ઘણા પ્રખ્યાત અને પ્રભાવિત છે. આ શબ્દો ઝિંદગીનો ભય અને દુનિયાની લાલચમાં યઝીદ જેવાની બયઅત કરનાર ઝાલિમ લોકો (ઉમરે સાદ(લ.અ.))ના ગાલ ઉપર એક તમાચો છે. ઈમામ હુસૈન(અ.સ.)એ મૃત્યુને ભેટીને માનવતાને જીવનદાન આપ્યું છે.*

**૫) લોકો દુનિયાના ગુલામ છે અને દીન તેમની જીભ ઉપર કોળીયાની જેમ છે, જેને તેઓ ફેરવ્યા કરે છે, પછી જયારે તેઓ મુસીબતમાં ફસાઈ જાય છે ત્યારે ઘણા ઓછા દીનદાર બાકી રહે છે.**

*ઈમામ હુસૈન(અ.સ.)ના આ કથનો દરેક એવા લોકો માટે હિદાયત છે જેઓ દુનિયાના ગુલામ છે અને જેમણે મહઝબનો ઉપયોગ માત્ર વ્યક્તિગત ફાયદા માટે કર્યો છે, ઘણાં હાકિમોએ દીનના ફતવાઓની દીશા પોતાની તરફ ફેરવી લીધી, જેવી રીતે પોતાની જીભ ઉપર કોઈ મીઠા લુકમાનો સ્વાદ માણતા હોય અને આજનો માનવી પણ આ નિયમ ઉપર અમલ કરવા લાગ્યો છે કે જે તેમની પસંદગી મુજબનો હોય અને જ્યારે મુસીબતમાં ફસાય છે ત્યારે કુફ્રના માર્ગને અપનાવી લે છે અને સેરાતે મુસ્તકીમથી દૂર થઈ જાય છે.*

આ અઝીમ મૌલા હુસૈન(અ.સ.)ની વિલાદત અને શહાદત બંને આપણને ઝમાનાના ઈમામ(અ.સ.)ની યાદ અપાવે છે આ બંને ઈમામો(અ.મુ.સ.) વચ્ચે એક સામ્યતા છે કે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના ફરઝંદ હઝરત ઈમામ હુસૈન(અ.સ.)એ દીનને બચાવવા માટે કયામ કર્યો હતો એવી જ રીતે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના આખરી ફરઝંદ ઝમાનાના ઈમામ(અ.સ.) પણ દીનને બચાવવા અને દુનિયાને અદ્‌લો ઈન્સાફથી ભરવા માટે કયામ કરશે.

આવો અઝીઝો! એ ઈમામ હુસૈન(અ.સ.)ના વાસ્તાથી દુઆ કરીએ કે જેમના રોઝાના ગુંબજ તળે દુઆઓ કબૂલ થાય છે, અય અલ્લાહ! ઈમામ હુસૈન(અ.સ.)ના ખૂનનો ઈન્તેકામ લેવા માટે તારી આખરી હુજ્જતના ઝહુરમાં જલ્દી કર અને અમારો શુમાર તેમના આવાનો અન્સારોમાં કર. (ઈલાહી આમીન)

---

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com